# ૩૮મો લેબોરેટરી/એકસ-રે ટેકનિશ્યન તાલીમમાં અરજી કરતા પહેલા જરૂરી સુચના

- ૩૮મો લેબોરેટરી/એકસ-રે ટેકનિશ્યનમાં અત્રેની સંસ્થા ખાતે પ્રવેશ મેળવવા માટે ઓફલાઈન અરજી તા.૩૦/૦૬/૨૦૨૫ થી તા.૧૧/૦૭/૨૦૨૫ સુધી સાંજના ૦૬:૦૦ કલાક સુધીમાં ઓફલાઈન અરજી કરી શકશે. અરજી કરવા માટેનું ફોર્મ કોલેજની વેબસાઇટના recent update પર અવેલેબલ છે.
- ઓફલાઈન અરજીમાં વિદ્યાર્થીએ રૂબરૂ સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર ખાતે આવવાનું રહેશે. રજીસ્ટર પોસ્ટ એડી., કુરીયરથી મોકલેલ અરજી માન્ય ગણવામાં આવશે નહીં.
- ઓ.બી.સી./એસ.ઈ.બી.સી. વિધાર્થીઓએ પોતાનું નોન-ક્રિમીલેયર સર્ટિફિકેટ તથા ઈ.ડબલ્યુ.એસ. સર્ટિફિકેટ તા.૦૧/૦૪/૨૦૨૩ પછીનું સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ હોવુ જોઈએ.
- અરજદારની ઉંમર અરજી ફોર્મ ભર્યાની છેલ્લી તારીખે ૧૮ થી ૨૫ વર્ષ હોવી જોઈએ. અનામત વર્ગના ઉમેદવારો (એસ.સી./એસ.ટી./ઓ.બી.સી.) સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.
- અરજી પત્રકમાં ફોર્મ ભર્યા બાદ એકાઉન્ટ શાખા, સરકારી મેડીકલ કોલેજ ખાતે રૂ.૨૦૦/- ફોર્મ ફી ભરવાની રહેશે
- ઉમેદવારે સંસ્થાના વિદ્યાર્થી શાખા ખાતે QR Code સ્કેન કરી તેમાં માહિતી અપલોડ કરવાની રહેશે.
- લેબોરેટરી ટેકનિશ્યન તેમજ એકસ-રે ટેકનિશ્યન કોર્ષ માટે અલગ-અલગ અરજી કરવાની રહેશે તેમજ અલગ ફી ભરવાની રહેશે.
- ઉમેદવારે ઓફલાઈન ફોર્મમાં ભરેલી વિગતો અને QR Code સ્કેનમાં અપલોડ કરેલ આધાર પુરાવા તથા માર્ક્સમાં કોઈ વિસંગતતા જણાશે તો ફોર્મ રદ કરવામાં આવશે.
- સિલેકશન યાદી તથા પ્રતિક્ષા યાદી http://gmcbhavnagar.edu.in વેબસાઈટ ઉપર મુકવામાં આવશે જેથી ઓફલાઈન અરજી કરેલ ઉમેદવારે સમયાંતરે વેબસાઈટ જોતાં રહેવું.
- એકાઉન્ટ શાખા ખાતે પેમેન્ટ કર્યા બાદ અરજીમાં તેની કોપી એટેચ કરવાની રહેશે.
- ઉમેદવારે ગુગલફોર્મ અને ફી ભર્યા બાદ વિદ્યાર્થી શાખા ખાતે ફોર્મ સાથે રાખેલ ઓરીજનલ ડોક્યુમેન્ટ વેરીફાય કરાવવાના રહેશે. વેરીફાય થયા બાદ અરજી ઇન્વર્ડ કરાવવાની રહેશે.

## અરજીમાં એટેચ કરવાના થતા પ્રમાણપત્રોની યાદી

૧) ઉમેદવારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો.

૨) ઉમેદવારના જન્મ તારીખના પુરાવા માટે સ્કુલ લીવીંગ/જન્મ પ્રમાણપત્ર એટેચ કરવાનું રહેશે.

૩) કાસ્ટ સર્ટિફિકેટ

૪) નોન ક્રમીલીયર સર્ટિફિકેટ/ઈ.ડબલ્યુ.એસ. સર્ટિફિકેટ.

૫) ફીઝીકલ હેન્ડીકેપ ઉમેદવારોએ સીવીલ સર્જન દ્વારા આપવામાં આવેલ ફીઝીકલ હેન્ડીકેપનું સર્ટિફિકેટ

૬) HSC માર્કશીટ

૭) આધાર કાર્ડ.

૮) બી.એસ.સી.ની તમામ વર્ષ /સેમેસ્ટરની માર્કશીટ. જો એક થી વધુ ટ્રાઈ હોય તે વર્ષ/સેમેસ્ટરની માર્કશીટ એટેચ કરવાની રહેશે.

૯) બી.એસ.સી.ની ડીગ્રી સર્ટિફિકેટ અપલોડ કરવું. જો પરમેનન્ટ ડીગ્રી સર્ટિફિકેટ ન હોય તો પ્રોવિઝનલ ડીગ્રી સર્ટિફિકેટ એટેચ કરવાનું રહેશે.

૧૦) અરજી ફોર્મ ફી રૂ.૨૦૦/-(Non-Refundable)ની રીસીપ્ટ.

ઓફલાઇન વેરીફાય કર્યા બાદ જ અરજી માન્ય ગણવામાં આવશે.